**<u>ફોજદારી કેસ નં</u>. 10301-2016**

**<u>આંક-૧ લગત હુકમઃ</u>**

આ કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કેસ ચાર્જશીટ/ફરિયાદ દ્વારા ઉદ્ભવેલ છે અને કેસ રજીસ્ટર થયા બાદ, આરોપી વિરૂદ્ધ વખતોવખત પ્રોસેસ કાઢવામાં આવેલ છે. રેકર્ડ ધ્યાને લેતાં, એ જણાય છે કે ઘણા લાંબા સમયથી આરોપી/આરોપીઓ મળી આવતા નથી. આ કેસમાં આરોપી/આરોપીઓને હાજર રહેવા માટે સમન્સ/વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ છે અને તેને પણ એક વર્ષ કરતા વધારે સમય થઇ ગયેલ છે, પરંતુ, પુરતો પ્રયાસ કરવા છતા સમન્સ/વોરંટની બજવણી થઇ શકતી નથી જેથી કેસની કાર્યવાહી આગળ વધી શકતી નથી અને કામ પડતર રહેલ છે. આ કામે આરોપી/આરોપીઓના જામીન આરોપીને હાજર રખાવી શકેલ નથી /આરોપીના જામીનના પેપર્સ કેસ સાથે સામેલ નથી / આ કામના જામી૦નદાર પણ મળી આવતાં નથી. આમ, આરોપી/આરોપીઓની હાજરી મેળવવા માટે કરવામાં આવેલ તમામ શુદ્ધબુદ્ધિપૂર્વકના પ્રયત્નો સફળ થયેલ નથી અને એક વર્ષ કરતા વધુ સમયથી આરોપીની સામે પ્રોસેસો કાઢેલ હોવા છતાં, આરોપીની ગેરહાજરીના કારણે આ કેસની ઇન્સાફી કાર્યવાહી વિલંબમાં પડેલ છે.

અત્રે એ નોંધવું આવશ્યક છે કે નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલત દ્વારા પાંચ વર્ષ અને દસ વર્ષ જુના કેસોનો ઝડપી નિકાલ કરવા માટે વખતોવખત માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલ છે એન જે કેસોમાં આરોપીઓ મળી આવતા ન હોય તેવા કેસો ડોરમેન્ટ ફાઇલ ઉપર મુકવા માટે પણ સૂચનાઓ આપવામાં આવેલ છે. તાજેતરમાં જ નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૦૩.૦૮.૨૦૧૮ ના રોજ જારી કરેલ પરિપત્ર નં.ડી.૨૯૧૭/૨૦૧૮ માં પણ ક્રીમીનલ મેન્યુઅલના પેરા–૨૧૧, ૩૬૩(૮), ૩૬૩(૯) અને પ્રકરણ–૩૨ ના પેરા–૭(૧), (૨) અને (૩) ના પ્રબંધોનો ઉલ્લેખ કરીને ચાર્જશીટ અને ફરિયાદમાંથી ઉદ્ભવેલ ફોજદારી કેસોને ડોરમેન્ટ ફાઇલની જોગવાઇ લાગુ પડતી હોય, આ પ્રકારના કેસોને ડોરમેન્ટ ફાઇલ ઉપર ઉપર મુકી શકાય છે તેવું જણાવેલ છે.

આમ, આ કેસનું રેકર્ડ ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટનો ઉપરોક્ત પરિપત્ર લક્ષમાં લેતાં તથા જ્યારે ફરિયાદપક્ષ આરોપી/આરોપીઓને કોર્ટ સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ રહેલ છે અને નજીકના ભવિષ્યમાં પણ આરોપીની હાજરી મેળવી શકાય તેમ જણાતું ન હોય, ક્રિમીનલ મેન્યુલના પેરા–૨૧૧ મુજબ હાલનો કેસ ડોરમેન્ટ ફાઇલ ઉપર મુકવા સિવાય અન્ય કોઇ વિકલ્પ જણાતો નથી. આથી, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે:

**:: હુકમ ::**

ક્રિમીનલ મેન્યુઅલ પારા–૨૧૧ મુજબ આ કેસ ડોરમેન્ટ ફાઇલ ઉપર મુકવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી સામે ફરતુ વોરંટ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે. ક્રિમીનલ મેન્યુઅલના પ્રબંધો અનુસાર નિયત સમયમર્યાદા બાદ આ કેસ રેકર્ડ રૂમમાં મોકલી આપવો.

આ કેસ ડોરમેન્ટ ફાઇલ પર મુક્યા અંગેની નોંધ ડોરમેન્ટ ફાઇલ રજીસ્ટરમાં કરવી.

તા. 8–9–2012
અમદાવાદ.